PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/ક/ક્વા–૦૨/૧૮–૧૯/ 4713-1 તા. 14-9-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
સોમાતભાઈ પી. કરંગીયા,
ગામ: દરેડ
રિલાઈન્સ આંગણવાડી સામે,
તા.જી. જામનગર
મો: ૯૮૭૯૦ ૧૫૯૮૦

1A

વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :ક/ક્વા–૦૨/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.રાજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામજોધપુર

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,લાલપુર

B-45 Cons

| કેસ નં. : સીજીઆરએફ : ૬/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીગ: તા. ૩૧–૦૮–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: સોમતભાઈ પી કરંગીયા, ગામ: દરેડ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

**વિરૂધ્ધ**

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,લાલપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામજોધપુર)

રજુઆત કરનાર : – એસ.એમ.ખીમસુરીયા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામજોધપુર

## : હુકમ :

ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના લાલપુર તાલુકાના મોટા ભરૂડીયા ગામે આવેલ ખેતીવાડી ની જમીન માં ખેત જોડાણ મેળવવા માટે – તા.૨૪–૦૧–૧૭ થી રૂ.૭,૮૫૩/– ભરપાઈ કરેલ છે. લાલપુર પેટા વિભાગીય કચેરી ખાતે અવાર–નવાર ધકકા ખાવા છતા – તેઓને આજદિન સુધી જોડાણ મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી વિભાગીય કચેરી ના પત્ર તા.૦૩–૦૮–૧૮ મા જણાવાયેલ છે કે, અરજદાર સોમાતભાઈ પી. કરંગીયાની ફોરમ સમક્ષ ફરિયાદ અરજી માં જણાવ્યા મુજબ લાલપુર સબ ડીવીઝન હેઠળ ના મોટા ભરૂડિયા ગામે સર્વે નંબર ૮૩૫ પૈકી ૪ માં નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અંદાજપત્રક ની રકમ રૂ. ૭,૮૩૫/- તા. ૨૪.૧.૨૦૧૭ ના રોજ ભરપાઈ કરવા છતાં માગણીવાળું વીજ જોડાણ આજ દિવસ સુધી મળેલ નથી.<br>જે બાબતે જણાવવાનું કે લાલપુર સબ ડીવીઝન ના મોટા ભરૂડિયા ગામે ખેતીવાડી સર્વે નંબર ૮૩૫ પૈકી ૪ માં અરજદાર શ્રી સોમાતભાઈ પુંજાભાઈ કરંગીયાએ રૂ. ૭,૮૫૩/- તા. ૨૪.૧.૨૦૧૭ ના ભરપાઈ કરેલ. સદર જોડાણ ના સર્વે સ્કેચ મુજબ તેમની સાથે શ્રી ભીખાભાઈ પુંજાભાઈ કરંગીયા એ પણ તેમના નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અંદાજપત્રક ની રકમ ભરપાઈ કરેલ. શ્રી ભીખાભાઈ પુંજાભાઈ કરંગીયા ના નવા ખેતીવાડી વીજ જોડાણ માટે કુલ ૬૫૦ મીટર એચ.ટી. લાઈન ઉભી કરવાની હતી તથા સદર લાઈન ઉભી થયા પછી તે લાઈન માંથી ટેપિંગ લઇ ૭૦ મીટર એચ.ટી. લાઈન ઉભી કરી નવું ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરી તેમાંથી અરજદાર શ્રી સોમાતભાઈ પી. કરંગીયા ને નવું ખેતીવાડી વીજ જોડાણ આપવાનું હતું. લાલપુર સબ ડીવીઝન ના લાઈન કોન્ટ્રકટર દ્વારા શ્રી ભીખાભાઈ પુંજાભાઈ કરંગીયા ના વીજ જોડાણ માટેનું લાઈન કામ કરવા માટે ગયેલ ત્યારે લાઈન ઉભી કરવામાં સતીબેન સાજણભાઈ કરંગીયા તથા મીણસીભાઈ પુંજાભાઈ કરંગીયા એ તેમના ખેતર ના શેઢા પરથી લાઈન ઉભી કરવા સામે વાંધો ઉઠાવેલ અને લાઈન ઉભી કરવા દીધેલ નહી. સદર વાંધો લેનાર ખેડૂતો ના શેઢા પર કુલ બે વીજ પોલ ઉભા કરવાના હતા. |

| | |
|---|---|
| | ત્યારબાદ લાલપુર કચેરી ના નાયબ ઈજનેર દ્વારા રૂબરૂ પાંચ વખત વાંધો પતાવવા માટે ગામના આગેવાનો તથા અરજદારો અને કોન્ટ્રાકટર સાથે સદર સ્થળ પર ગયેલ પરંતુ વાંધો લેનાર ખેડૂતો દ્વારા લાઈન કામ કરવા દીધેલ નહી. ત્યારબાદ લાલપુર કચેરી ના નાયબ ઈજનેર શ્રી દ્વારા વાંધો પતાવવાના પ્રયત્નો કરવા છતાં વાંધા નું નિરાકરણ ન આવતા તેમના દ્વારા વાંધા નું નિરાકરણ લાવવા માટે સદર કેસ જીલ્લા કલેકટર શ્રી જામનગર ને ઇન્ડીયન ટેલીગ્રામ એક્ટ - ૧૮૮૫ મુજબ પત્ર નંબર લાલપુર/આરઈ/૨૧૯૪ તા. ૨૭.૪.૨૦૧૮ ના મોકલાવેલ છે. કલેકટર શ્રી જામનગર ના હુકમ થયે વીજ જોડાણ આપવા અંગેની આગળ ની કાર્યવાહી કરવામાં આવશે. |
| <u>૨.૨</u> | ફોરમ કમિટી મીટીંગઃ તા. ૩૧–૦૮–૧૮ મા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા થયેલ રજુઆત મુજબ – ફરીયાદી અરજદાર શ્રી ને – વીજજોડાણ આપવા અંગે વાંધો લેનાર ખેડુત સાથે – વાંધા નુ નિરાકરણ થઈ ગયેલ હોય – અને વીજજોડાણ નુ લાઈનકામ અને રીલીઝ કરવાનુ કામ તા.૨૦–૦૮–૧૮ ના રોજ પૂર્ણ થયેલ હોય – જે અન્વયે ફરીયાદી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ હોય – તે મુજબ નુ તા.૧૧–૦૯–૧૮ નુ લેખીત સમાધાન પત્ર રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૧૧–૦૯–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.